R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 22 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH SEPTEMBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




ISO 9001 — 6D 0301 — CE 0045 — SIL 3 IEC 61508 — ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# "શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર" અને "શ્રી મંજલ રેલડીયા અ.જૈન સંઘ"ના સંયુક્ત ઉપક્રમે સં. ૨૦૭૮ની પર્વાધિરાજ પર્યુષણ પર્વ આરાધના પૂ.સા. અક્ષયગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. હંસમાલાશ્રીજી મ.સા.ની પવિત્ર શુભનિશ્રામાં ઉજવાયેલ...

"ગામ મારું નાનું ઉજવે પર્યુષણ પર્વ મજાનું,
સાધ્વી પ.પૂ. હંસમાલાશ્રીજીની સંગે,
ધાર્મિક ક્રિયા થઈ રંગેચંગે...
સંગીતના સથવારે ભક્તિ ભાવના થઈ વાહરે... વાહરે...
ચૈત્ય પરિપાટી કરતાં, વંદ્યા પ્રભુને ગામે ગામે...
આજે સ્મરણ કરતાં, મનડું બને છે ભાવ વિભોર...
આ તો કેવી આનંદની વાત છે..."

૨૨મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ ભાનુદેવ અસ્તાચળ તરફ ઢળી રહ્યા હતા અને મંજલનાં લાખાસર તળાવ પાસે પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. ગ્રામજનો પુલકિત હૃદયે ઢોલ-શરણાઈ સાથે પ.પૂ. સાધ્વીશ્રી હંસમાલાજીના આગમનની રાયધણજરનાં માર્ગ પર મીટ માંડીને બેઠા હતા, ત્યાં દૂર દૂર... શ્વેત વસ્ત્રોમાં પરિધાન થયેલ સાધ્વીજી દેખાણાં અને વાતાવરણમાં "પ્રભુજી અમારો અંતર્નાદ અમને આપો આશિર્વાદ"નો ગગનભેદી અવાજોથી ગુંજી ઉઠ્યું.

પ.પૂ. સાધ્વીજીએ વ્યાખ્યાનનાં પ્રથમ બે દિવસમાં કલ્પસૂત્રનું મહત્ત્વ, શ્રાવકનાં પાંચ કર્તવ્યો : (૧) અમારીપાલન, (૨) તપ, (૩) સાધર્મિક, (૪) અભયદાન, (૫) ચૈત્ય પરિપાટી ઈત્યાદિનું રસપૂર્વક વર્ણન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

સંપૂર્ણ આરાધના પર્વ દરમ્યાન ૧૩ શ્રાવક-શ્રાવિકાઓએ જુદી જુદી તપસ્યા કરી કર્મોની નિર્જરા કરી હતી, જેમનું સન્માન શ્રી આદેશ્વર મ. ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું હતું. પર્યુષણ પર્વની આરાધના દરમ્યાન પોથી પધરાવવાનો લ્હાવો માતુશ્રી જયાબેન ચત્રભુજ દંડ (મુલુંડ) હસ્તે શ્રી તીર્થ અનિલ દંડ તેમજ પારણું પધરાવવાનું લ્હાવો માતુશ્રી રતનબાઈ જેઠાભાઈ લાલકા (વારાપદ્ધર) હસ્તે સૌ. અર્ચના સાગર લાલકાએ (ગાંધીધામ) લીધેલ. સપનાનો ચડાવો ૫૮,૭૩૬ મણ થયેલ.

આ પર્યુષણ પર્વમાં અણધાર્યા સંજોગોને કારણે શ્રી રાજેશ કલ્યાણજી વોરા હાજરી આપી શક્યા નહીં પણ માતુશ્રી વિજયાબેન કલ્યાણજી વોરાએ સુંદર સાથ અને સહકાર આપેલ.

કોઈપણ મહોત્સવમાં "વિઠોબા પછી પોટોબા"ની સંભાળ લેવી પડે છે જેમાં શ્રી સંઘના ટ્રસ્ટીશ્રી ધીરજ દેવશી ગોશર અને શ્રીમતી ભારતીબેન હિરાચંદ દંડે ખડેપગે અન્ય સાથીઓ સાથે સુચારુ વ્યવસ્થા પાર પાડી હતી. કેટરીંગ સર્વિસમાં જૈન પદ્ધતિ પ્રમાણે ભાવતા ભોજન શ્રી હસમુખ મહારાજ (મસ્કા)એ પૂરા પાડ્યા હતા.

પર્યુષણ પર્વની સફળતામાં ગામવાસીઓ તરફથી પણ સાથ-સહકાર સાંપડેલ, જેમાં સુલેમાન ઢોલી, ખેંગારજી જાડેજા, ઉમરસંગ જાડેજા, વિષ્ણુ સમાજના પદાધિકારી વિગેરે, જેમનું બહુમાન શ્રી ટ્રસ્ટે કરેલ. દરરોજ ભાવિકજનોને સુર-સંગીત અને તાલથી ભક્તિવિભોર કરવામાં શ્રી કિરીટ મહારાજ, શ્રી મોહનપુરી ગોસ્વામી અને શ્રી સત્તુભા સોઢાનું પણ બહુમાન કરવામાં આવેલ. આ ભવ્ય કાર્યક્રમને મુંબઈ અને અન્ય ગામોના ભાવિકજનો જોઈ શકે તેની "લાઈવ" વ્યવસ્થા (એસ.કે. લાઈવ મંજલ)ના શ્રી જીતેન્દ્ર ચંદુલાલ રાજગોરે યુ-ટ્યુબ ઉપર કરી હતી અને આશરે ૬૦૦૦ લોકોએ રોજ માણી હતી.

શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના મેનેજર શ્રી મંગલ લાલકાની અથાગ મહેનત, દેરાસરનાં પુજારી શ્રી નારાણજી લખમશી દંડની દેરાસરજીની વ્યવસ્થા તેમજ શ્રી સિદ્ધાર્થ લાલકાની સહાયક પુજારી તરીકે સેવા આપવા બદલ શ્રી ટ્રસ્ટે બહુમાન કર્યું હતું. શ્રી કોટક મંડપ-માંડવીએ સુંદર વોટરપ્રૂફ મંડપ બાંધી શ્રી દેરાસરજીને કલરફૂલ લાઈટથી શણગાર્યું હતું.

પર્યુષણ પર્વ દરમિયાન ટ્રસ્ટ તરફથી કાયમી શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ ખાતાની જાહેરાત કરવામાં આવી હતી, જેનો નકરો રૂા. ૧૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ.

પર્યુષણ પર્વ દરમિયાન "સ્વામિવાત્સલ્ય"ના દાતાશ્રીઓની ભુરી ભુરી અનુમોદના...

આ આરાધના પર્વની વિશેષ માહિતિ આપતાં સમસ્ત ટ્રસ્ટીગણ આભારની લાગણી વ્યક્ત કરે છે.


પોથીની રથયાત્રા


પોથી યાત્રા દરમિયાન લ્હાણી કરતા ભાવિકો


પૂજ્યશ્રીના આશિર્વાદ લેતા ભાવિક બહેનો


"મા"ને આશિર્વાદ આપતા

# શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર અને શ્રી મંજલ રેલડીયા અ.જૈન સંઘના સંયુકત ઉપક્રમે

અનુમોદના... અનુમોદના... અનુમોદના... અનુમોદના... અનુમોદના...

## પર્યુષણ પર્વ દરમ્યાન સ્વામીવાત્સલ્યના નાં દાતાશ્રીઓની નામાવલિ

| ક્રમ | તિથી શ્રાવણ | વાર | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| ૧ | ૧૩ | બુધ | માતુશ્રી દમયંતીબેન કાન્તિલાલ અરજણ દંડ પરિવાર |
| ૨ | ૧૪ | ગુરૂ | માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર હ. ગીતાબેન |
| | | | માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવાર હ. લતાબેન |
| ૩ | અમાસ | શુક | માતુશ્રી મણીબાઈ પાશ્વીર દંડ હ. શ્રીમતી ભારતીબેન હિરાચંદ દંડ પરિવાર |
| ૪ | એકમ | શનિ | માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હીરજી વોરા પરિવાર |
| ૫ | બીજ | રવિ | માતુશ્રી નિર્મલાબેન પ્રફુલ્લ ધનજી લોડાયા પરિવાર |
| ૬ | ત્રીજ | સોમ | શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર ટ્રસ્ટ (સ્વામીવાત્સલ્ય ફંડ) |
| ૭ | ચોથ | મંગળ | એક સદગૃહસ્થ તરફથી |
| ૮ | પાંચમ | બુધ | માતુશ્રી પ્રેમાબાઈ ધનજી કેશવજી લોડાયા પરિવાર હ. પૌત્રવધુ શ્વેતા યશેશ અને પૌત્રવધુ નેહા દીપેશ પ્રફુલ્લ લોડાયા |
| ૯ | છઠ | ગુરૂ | માતુશ્રી નાથબાઈ હીરજી ગડા પરિવાર હ. હેમલતા પદમશી ગડા |
| | | | માતુશ્રી ભચીબાઈ દેવશી ખેતશી ગોશર સહ પરિવાર |

દાતાશ્રીઓની અનુમોદના અને આભાર લિ. ટ્રસ્ટીગણ

## દસમી પુણ્યતિથીએ નતમસ્તકે શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૧૭.૯.૧૯૩૧

: અરિહંતશરણ :
તા. ૨૦.૯.૨૦૧૨

વાત્સલ્ય, મમતા અને સમર્પણનો ત્રિવેણી સંગમ એટલે 'મા'
હતા તમે સ્નેહ સાગર, અમીરસ અમે સૌ પીધાં.
સિંચીને સંસ્કાર તમે, સંતાનોના જીવન ઘડતર કીધાં.
સુખ અને દુઃખમાં એક જ ભાવ,
એવા માતુશ્રીને શ્રધ્ધા સુમન અર્પણ...

**માતુશ્રી નંદકુંવરબેન મેઘજી મોતા**

તેરા-કચ્છ, ઈન્દોર (મ.પ્ર.)

: પુત્ર-પુત્રવધુ :
અનિલ-ચારૂલતા, સુનિલ-ચૌલા

: પૌત્ર-પૌત્રવધુ :
અર્પિત-પૂજા, વરૂણ-નેહા, મલય-દર્શના

પડપૌત્રી : વિઆના, ધ્યાના, ધીયારા
પડપૌત્ર : વિવાન

: દિકરી-જમાઈ :
વીણા વસંત લોડાયા-વાપી
હંસા લહેરી લોડાયા-મુલુંડ
ઉષા હરીશ દંડ-ભાંડુપ
આશા સતેન્દ્ર લોડાયા-નાગપુર
તૃષા રાજેન્દ્ર લાલકા-વિક્રોલી

તંત્રી સ્થાનેથી

# ખોવાયેલા ખજાનાની શોધ



- ડૉ. હીરાચંદ દંડ

જ્યારે આપણે લોટરીની ટિકિટ ખરીદીએ છીએ અને ઇનામ જીતીએ છીએ, ત્યારે તે આપણા માટે એક વિન્ડફોલ છે. તેને અનપેક્ષિત લાભ તરીકે ઓળખવામાં આવે છે પરંતુ જ્યારે પણ આપણે લોટરી ટિકિટ ખરીદીએ છીએ ત્યારે જીતવાની આશા હોય છે. પરંતુ જ્યારે તમને અચાનક ખજાનો મળે, જે તમારાથી અજાણ્યો હોય છે અને તમે ક્યારેય સ્વપ્નમાં પણ વિચાર્યું ન હોય, તો તમે આવા લાભને શું કહેશો? ભગવાનની ભેટ? અને જે વ્યક્તિ કોઈ અપેક્ષા વગર તમારા માટે આ ભેટ લાવી હશે તેને તમે શું કહેશો? જાદુગર?

ઘણા માતા-પિતા અને આપણે પણ વિવિધ કંપનીઓના શેરમાં રોકાણ કર્યું છે. ઘણી વખત કાં તો તેમના બાળકોને આવા રોકાણો વિશે બિલકુલ ખબર હોતી નથી અથવા તો કેટલાક દાયકાઓ પહેલા કરેલા રોકાણો ભૂલી જાય છે અથવા પ્રયાસો છતાં તેમના નામે શેર ટ્રાન્સફર કરી શકતા નથી. આવા શેરો કંપનીઓ દ્વારા સરકારી IEPF ખાતામાં જમા કરાવવામાં આવે છે. જ્યારે તેના ખરા માલિકો કાયદાની લાંબી પ્રક્રિયાને અનુસર્યા પછી દાવો કરે છે, ત્યારે તે તેમને ટ્રાન્સફર કરવામાં આવે છે અને દાવો ન કરાયેલ ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવે છે. આ પ્રક્રિયામાં પણ થોડાંક વર્ષ લાગી શકે છે. (ડીમેટ ખાતાને કારણે ભવિષ્યમાં આવી સમસ્યાઓ હવે ઓછી થશે)

કેટલાક અઠવાડિયાથી વિવિધ વોટ્સઅપ ગ્રુપ્સ ઉપર વ્યક્તિઓના નામવાળી કેટલીક યાદીઓ જોવા મળે છે. આ યાદીમાં સૂચિબદ્ધ મોટાભાગના લોકો તેમના નસીબ વિશે જાણતા નથી. તેઓ કાં તો કેટલીક સારી કંપનીઓમાં શેર ધરાવે છે જેના અંગે તેઓ જાણતા નથી, કારણ કે શેર તેમના પૂર્વજો દ્વારા ખરીદવામાં આવ્યા હતા અને પરિવારમાં કોઈને તેના વિશે જાણ નથી અથવા તેઓ સમયના વીતી જવા સાથે અને રેકોર્ડ ન હોવાને કારણે ભૂલી ગયા છે. અને તેવી જ રીતે તેમની થાપણો બેંકોમાં પડેલી છે જેના માટે જરૂરી સુધારા કરવામાં આવ્યા નથી. આજે શ્રી મનીષ ભવાનજી લોડાયા, કોઠારા (ચાલીસગાંવ) કે જેઓ આપણી જ્ઞાતિના ખૂબ જ જાણીતા નેતા છે અને ચાલીસગાંવ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ અને શ્રી સમગ્ર જૈન મહારાષ્ટ્ર એકમના વર્તમાન પ્રમુખ છે, તેમણે સમગ્ર જ્ઞાતિની ખોવાયેલી સંપત્તિ શોધવાનું કાર્ય હાથ ધર્યું છે અને શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા-ચેન્નઈ (સાંયરા) તેમને આ મિશનમાં મદદ કરી રહ્યા છે. આપણી જ્ઞાતિના એક સભ્ય દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો કે તેમને તેમના પરિવારના સભ્યોના નામે શેર હતા. પરંતુ કંપનીઓના નામ યાદ નથી અને તેમની પાસે કોઈ રેકોર્ડ નથી. શ્રી મનીષ ભાઈએ શ્રી રત્નેશ મોરને વ્યાવસાયિક સેવાઓ માટે રોક્યા છે અને તેમની પાસેથી વિગતો મેળવી અને કાનૂની વારસદાર/માલિક વતી શ્રી રત્નેશ મોર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. પ્રક્રિયા લાંબી છે અને ઘણા મહિનાઓ લેશે પરંતુ ખોવાયેલો ખજાનો વાસ્તવિક માલિકને પાછો મળશે.

શ્રી મનીષભાઈ અને શ્રી તિલકભાઈની મદદથી શ્રી રત્નેશ મોરએ ઘણા ક.દ.ઓ. નામો શોધી કાઢ્યા છે જેઓ તેમના શેર હોલ્ડિંગ વિશે જાણતા નથી. મનીષભાઈ અને તિલકભાઈ આવા નસીબદારનો સંપર્ક કરવા લાગ્યા છે અને હવે આપણે સૌએ આવી સુવર્ણ તકનો લાભ લેવો જોઈએ. આપણે આપણી જ્ઞાતિ માટે ઉપયોગી વિવિધ કાર્યો પર આવા કેટલાક વધુ સમર્પિત કાર્યકરોની જરૂર છે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૨૨, તા. ૨૦-૦૯-૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## દ.ભા. ક.દ.ઓ. જૈન એકમ-બેંગ્લોર

આપની પ્રકાશ સમીક્ષામાં આપવામાં આવેલ જાહેરાત વાંચી આશ્ચર્ય થયું. આ જાહેરાત દ્વારા કલ્પવૃક્ષ યોજનામાં રોકાણ કરનાર ભાઈ-બહેનોને આપે વેંચાણ ભાવની અધુરી વિગતો અને ખોટી માહિતી આપેલ છે. રૂા. ૮૨૦/- પ્રતિ ઝાડ પાછળ રોકાણ કરનારને આપવાનું આપની કમિટીએ નક્કી કરેલ છે તે યોગ્ય નથી.

નીચે લખેલ મુદ્દાઓ ઉપર આપ વિગત આપી આપ પ્રકાશ સમીક્ષામાં મોકલાવશો તો આપનો આભારી રહીશ.




૪૧૩૩૨ ઝાડ રોપીને રોકાણકારોની પાસેથી ટોટલ કેટલા રૂપિયા મળ્યા અને જમીનના વેચાણથી કેટલા રૂપિયા મળ્યા?

મારી માનદ્‌મંત્રી સતીશભાઈ સાથે વાત થયેલ ત્યારે તેમણે મને ફોન ઉપર જણાવેલ. આ જમીન આપણે ૪/૪૦ દસ્તાવેજ, ૩/૨૧ ડોનેશન, એકરનો ભાવ ૭/૬૧. કુલ ૯ કરોડ ૭૦ લાખ જેટલી રકમ મળેલ છે. ૯,૭૦,૦૦,૦૦૦/-

આપને મળેલ રકમમાંથી આપે જે ખર્ચાઓ કરેલ છે તે બાદ કરી બાકીની રકમ સરખા ભાગે ૪૧૧૨૯ ઝાડ રોકાણકારોને મળવી જોઈએ એવો મારો આપ સાહેબને આગ્રહ છે.

આપ તે કલ્પવૃક્ષ યોજનામાં રોકાણ કરનાર પાસેથી આપેલું સર્ટીફિકેટ દાનમાં આપવાની ટહેલ નાખી પરત મેળવી શકો છો.

આ મૂળભૂત મુદ્દાને સાઈડમાં રાખી આપ રોકાણકારો સાથે અન્યાય કરી રહ્યાં છો.

દ.ભા. એકમે ઝાડના પૈસા લઈ ઝાડ વાવણી કરવા માટે જગ્યા ખરીદી હતી. તેઓ કોર્ડિનેટર હતા. આના માટે સારા વકીલ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સલાહ લેવી જોઈએ. જેના માટે મારા તરફથી શ્રી સુભાષ લાખોટીયા (સીએ)-નવી દિલ્હીનું સૂચન કરું છું. તેમની સાથે સંપર્ક કરાવી દઈશ.

દ.ભા. એકમનો ઈતિહાસ અત્રે કહે છે, મેમ્બરો માટે તૈયાર કરવામાં આવેલ યોજનામાંથી એકમે કરોડો રૂપિયા પોતાની પાસે રાખવા છે તેની વિગતો લખવી. જેમાંથી કચ્છી ભવન બનાવી પછી તેને હોટેલમાં ફેરવી તેમાંથી આવક ઉભી કરી. તમોને ઘણી આવક થશે તેવું માનદ્‌મંત્રીએ જણાવેલ.

અંતે આપ સાહેબોને માંગેલી માહિતી લખી, પત્ર દ્વારા ઈ-મેઈલ દ્વારા અથવા પ્રકાશ સમીક્ષાના માધ્યમથી રોકાણકારોને જાણ કરવા હાથ જોડીને અપીલ કરૂં છું. જેથી કાયદાકીય રસ્તા ઉપર જવાનું કોઈ રોકાણકાર વિચાર ન કરે.

આ યોજનાનો મૂળ ઉદ્દેશ મેંજીયમ વૃક્ષોનું લાકડું વેંચી દરેક ૫ વૃક્ષ ધારકોને ૧ લાખ અથવા વધારે રકમ આપવાની હતી જે શક્ય ન બન્યું. એકમનો પહેલાથી આજ સુધી એજ રવૈયો હતો કે તેઓ બોન પ્લાન્ટેશન અને વૃક્ષધારકો વચ્ચે સંયોજકો જ હતા અને છે. તો પછી જમીનના વેંચાણના પૈસા જેમાં ખરા માલિક વૃક્ષધારકો છે તેમના પૈસા તેઓ કેમ રાખી શકે? આ કાયદાકીય, નૈતિક, વ્યવહારિક છેતરપિંડી છે.

**- કાંતિલાલ ગાંગજી વોરા-રંગપુર(કોઈમ્બતુર)**

મો.: 98430 30877

---

## કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ યોજનાની જમીન વેચાણી ૮ કરોડમાં એ સમાચાર ૫.૮.૨૨ના પ્રકાશ સમીક્ષામાં વાંચવા મળેલ. આ વ્યવહારમાં એક નંબરના તો ૮ કરોડ બરાબર છે પરંતુ બે નંબરના કેટલા મળેલ છે એની કોઈને ખબર નથી. ભારતમાં જમીન સોદાઓમાં પૂરેપૂરા ખરેદી ખત નથી થતાં. મોટી રકમ બે નંબરની જ હોય છે. ટેક્સ બચાવવા માટે તો ખુલાસો થવો જોઈએ કે આપણી જમીન ખરેખર કેટલામાં વેચાણી છે?

શ્રી ખુશાલચંદભાઈએ જણાવેલ કે અત્યાર સુધી સ્વેચ્છાએ એકમને લગભગ ૭ હજાર વૃક્ષોના સર્ટીફિકેટ મળેલ છે તો હવે કેટલાને બાકી રહે છે રૂપિયા ચૂકવવાના?

કલ્પવૃક્ષ યોજનાની અનેક બાબતોમાં પારદર્શિતા રાખવામાં આવેલ નથી. ખર્ચ, આવકના હિસાબો વ્યવસ્થિત જાહેર કરવા જોઈએ અને હવે જમીન વેચાઈ ગઈ છે તો બાકી રહેતા વૃક્ષ ધારકોને તાત્કાલિક બધા રૂપિયા ચૂકવવા જોઈએ. એમના હક્કના રૂપિયા છે એ ન ભુલવું જોઈએ.

**- તેજકુમાર શામજી નાગડા (જૈન)**

નલિયા(રાજકોટ)

મો.: 96649 44346

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# પેઈન કીલર ટાળો, રસોડાની કુદરતી ચીજોથી દુઃખાવા મટાડો-૨



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

**૯) પીઠનો દુઃખાવો :** પીઠના ટીસ્યુને ડેમેજ થવાથી પીઠમાં દુઃખાવો થાય છે. વાટકો ભરીને દ્રાક્ષ ખાવાથી પીઠની લોહીની નશો રીલેક્સ થઈ પીઠમાં લોહીનો પ્રવાહ સુધરે છે. તેથી પીઠના ટીસ્યુ સાથે કમરના મણકા અને વચ્ચેની ગાદીને પણ લોહી વધુ મળવાથી એમાં પણ રાહત થાય છે.

**૧૦) મોઢાના ચાંદાનો દુઃખાવો :** મોઢાના ચાંદા પર શુદ્ધ મધ દિવસમાં ચાર વખત લગાડવાથી મટે છે અને મોંમા લગાડવાની એલોપેથીક ટ્યુબો કરતાં ૪૩% ઝડપથી કામ કરે છે. એમાં રહેલા કુદરતી એન્ઝાઈમ્સ્ સોજા ઘટાડે છે, વાયરસને મારે છે અને ઝડપથી ચાંદાને મટાડે છે.

**૧૧) પેશાબના માર્ગના ઈન્ફેક્શન (Urinary tract infection) :** પેશાબના માર્ગનું ઈન્ફેક્શન બહુ પીડાદાયક હોય છે. પેશાબની થેલી કે મૂત્રમાર્ગમાં ઈન્ફેક્શન હોય તો પેશાબ પસાર થાય ત્યારે ખૂબ જ પીડા થાય છે. રોજ ૧ કપ બ્લ્યુ બેરી તાજી, ફ્રોજન કે તેનો રસ લેવાથી ખૂબ રાહત મળે. બ્લ્યુ બેરીમાં રહેલ ટેનીન, બેક્ટેરીયાને કવર કરી પીડા ઘટાડે છે એવું ન્યુજર્સીના ડૉ. એમી હોવેલ(Ph.D.) વૈજ્ઞાનિક જણાવે છે. જેમને આ તકલીફ અવારનવાર થતી હોય તેઓ જો ૧ કપ બ્લ્યુબેરી રોજ લે તો ઈન્ફેક્શન થવાના સંજોગો ૬૦% ઘટી જાય છે.

**૧૨) પગના કે સાંધાના લબકારા મારતા દુઃખાવા :** રોજ ઓછામાં ઓછું ૬ ગ્લાસ પાણી પીઓ. શરીરના કોઈપણ ભાગમાં ઈજા થાય ત્યારે દુઃખાવો ઉત્પન્ન કરનાર હીસ્ટામીન ઉત્પન્ન થાય છે. જેને પાણી પાતળું કરી શરીરની બહાર કાઢે છે. કુશન (હાડકાના છેડામાં હોય) સાંધાની અંદર ઉંજણી (Lubricating fluid) અને મણકા વચ્ચેની નરમ ગાદી (Disc) આ ત્રણેયને જ્યારે પુરતું પાણી મળી રહે ત્યારે તે સાંધો સહેલાઈથી હલીચલી શકે અને એકબીજા પર સરકી શકે જેથી દુઃખાવો ન થાય.

**૧૩) નખના ઈન્ફેક્શન અને પગના અંગુઠાનો નખ સાઈડમાં અંદર વધવાથી થતો દુઃખાવો :** એક ચમચી મીઠું ૧ કપ પાણીમાં સરખું ઓગાળી ગરમ કરો આ નવસેકા પાણીમાં (જેટલું સહન થાય તેટલું ગરમ પાણી) દુઃખાવાનો ભાગ ૨૦ મિનીટ ડુબાડી રાખો, આ પ્રયોગ તકલીફ હોય તે મુજબ દિવસમાં બે કે ત્રણ વખત કરવુ. આમ કરવાથી દુઃખાવા તેમજ ઈન્ફેક્શન મટે છે. મીઠાવાળુ પાણી એન્ટીબેક્ટેરીયલ છે જે જંતુઓને મારી સોજા અને દુઃખાવો મટાડે છે.

**૧૪) નાના જખમ કે કાપો પડવો :** જખમ કે કાપાને સાફ કરવા પાણી વાપરવુ નહીં તેનાથી જખમ પાકવાની પૂરી સંભાવના છે. પાણીને બદલે પોતાનો જ પેશાબ લગાડવાથી જખમ પાસેની ત્વચા એવી થઈ જશે કે પછીથી પાણી તેના પર પડવા છતાં જખમ પાકશે નહિં. જખમમાંથી લોહી ખૂબ વહેતું હોય તો સાદા રૂથી ૫-૧૦ મિનીટ દાબી રાખવું. (લોહી બંધ થયું કે નહીં તે જોવા પણ તે ખોલવું નહીં) જખમમાંથી લોહી નીકળતું બંધ થઈ જશે.

**૧૫) સ્તનમાં દુઃખાવો :** રોજના ૩ થી ૪ ચમચા અળશી ના મુખવાસ તરીકે કે અળશીનો ભુક્કો દહીં, સુપ કે સલાડ પર છાંટીને ખાવા. અળશીમાં રહેલ 'ફાયટોઈસ્ટ્રોજન' એ દુઃખાવો ઉત્પન્ન કરનાર ઈસ્ટ્રોજનને રોકે છે અને દુઃખાવો મટાડે છે. (અળશીને શેકતી વખતે ધ્યાન રાખવું કે શેકવા પહેલા મીઠું લગાવી ખુલ્લી મુકવી નહિં સત્ત્વો ઓછા થાય છે, તરત જ શેકીને બરણીમાં ભરી લેવું) રોજ ચાર ચમચી અળશી ખાવાથી ઓમેગા-૩ ફેટી એસીડ પણ મળશે જે સાંધાઓ અને હૃદયને નિરોગી રાખશે.

**૧૬) હાર્ટબર્ન : ખાધેલું અન્ન નળી માં પાછુ ધકેલાય :** જમ્યા પછી ખાધેલું અન્ન પેટના એસીડ સાથે અન્નનળીમાં ધકેલાય છે. જેને લીધે છાતીમાં બળતરા થાય છે આવી તકલીફવાળી વ્યક્તિએ એપલ સીડર વિનેગર (સફરજનનું વિનેગર) ૧૫ મિ.લી. બરાબર માપ કરી લેવું.) ૧ કપ પાણીમાં મેળવી જમ્યા પહેલા લેવું. આ વિનેગરમાં મલીક અને ટારટારીક એસીડ હોય છે. જે ખોરાકના ચરબી અને પ્રોટીનને જલ્દી પચાવશે અને અન્નનળીમાં ખોરાક પાછું ધકેલાય એ પહેલાં

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

પેટ ખાલી થશે અને હાર્ટબર્નની પીડા નહીં થાય.

**૧૭) ખભાનું જકડાઈ જવું (Frozen Shoulder) :** ખભાનો દુઃખાવો ખૂબજ તકલીફદાયક હોય છે. કોઈ વસ્તુ ઉપાડી ઉપર મુકવામાં, પકડવામાં, ઉંચકવામાં તકલીફ પડે છે, દુઃખાવો વધતાં એ કામ સાવ અશક્ય બને છે. આમાં પેઈનકીલરથી રાહત નહિંવત જ થાય છે. આ તકલીફ સ્ત્રીઓને માટે ખૂબ અસહ્ય બની રહે છે અને આ તકલીફનું કારણ આજકાલના આપણા સર્વ કાર્ય આપણે મશીનોથી જ પતાવીએ છીએ અને સાધારણ કોઈ જાતની કસરત થતી નથી. આ તકલીફ હાથની કસરત કરવાથી જ મટે છે. દુઃખતા ખભાવાળા હાથને દરેક દિશામાં ફેરવવું, ભીંતથી દૂર ઉભા રહી હાથને ભીંત પર ઉપર તરફ લઈ જવું અને પાછા નીચે તરફ લાવવાની કસરત ૧૦ વખત તેમજ દિવસમાં ૩ વખત કરો. ઈલાસ્ટીક દોરીનો એક છેડો પગના અંગૂઠામાં ફીટ પકડી દુઃખતા ખભાવાળા હાથ વડે દરેક દિશામાં ખેંચવા જેવી અમુક કસરત ફીઝીયોથેરપીસ્ટ પાસે જાણી લઈ પોતે જ દરેક કસરત ૧૦ વખત અને તે બધી જ કસરત દિવસમાં બે વખત કરવી. આ કસરત નિયમિત રીતે કરવાથી ૧-૨ મહિનામાં જ તકલીફ બિલ્કુલ મટી જાય છે. ઠંડો શેક અને ગરમ શેક રાહત આપે છે. હળદર ખાવાથી શરીરના કોઈપણ સોજા મટે છે. કસરત એ એક મુખ્ય ચાવી છે. દરેક સાંધાના દુઃખાવા મટાડવા માટે. ઘૂંટણ, કમરના દુઃખાવા પણ તે અંગની વ્યવસ્થિત અને નિયમિત કસરત કરવાથી દુઃખાવાને દૂર કરી શકાય છે એટલું જ નહીં જેવા ઓપરેશન અગાઉ અને ઓપરેશન બાદ કર્યાથી ઓપરેશન પુરેપૂરું સફળ થાય છે.

**દુઃખાવો ન હોય છતાં મહત્ત્વની તકલીફો :**

**૧) આંખના પોપચાનું અસમાન ખુલવું :** આ તકલીફ આંખની સાધારણ કસરત પાસે-દૂર, ઉપર-નીચે અને ડાબે-જમણે જોવાની નિયમિત કસરતથી મટી જાય છે દરેક દિશાની કસરત ૨૦-૨૫ વખત એમ દિવસમાં બે વખત કરવી.

**૨) ડબલ દેખાવું :** કોઈપણ વસ્તુનું ડબલ દેખાવું એ ખૂબજ તકલીફદાયક છે. પણ દિવસમાં નિયમિત ૨-૩ વખત કપાલભાતિ ૪૦-૫૦ વખત કરવાથી બિલકુલ મટે છે. કપાલભાતિ એટલે-સહજ રીતે શ્વાસ અંદર લેવો અને બહાર કાઢતી વખતે જોરથી અવાજ સાથે બહાર કાઢવો (જો કપાલભાતિ પહેલાં ૪-૫ વખત અનુલોમ-વિલોમ કર્યાથી બન્ને નળીનો માર્ગ સ્પષ્ટ ખુલ્લો થાય છે અને કપાલભાતિ ખૂબ જોશથી થાય છે અને તેનો પૂર્ણ ફાયદો મળે છે. (અનુલોમ-વિલોમ) એટલે હાથના અંગુઠાથી એક નસકોરું બંધ બીજા નસકોરાથી શ્વાસ લઈ પહેલા નસકોરાના અંગૂઠાને છોડી આ નસકોરામાંથી શ્વાસ જોરથી બહાર કાઢવું તેજ રીતે બીજા નસકોરાને બંધ કરી પહેલા નસકોરાથી શ્વાસ લઈ બીજાને ખોલી ઉચ્છ્વાસ બહાર કાઢવો).

૩) આંખની નસોનું સુકાવવું : રાત્રે સુતી વખતે ડ્રોપરથી નારીયેલ તેલ/ગાયનું પાતળું ઘી નાભીમાં ૨ ટીપા નિયમિત નાખવાની આ મોટી તકલીફમાંથી બચી શકાય છે.

પગના તળીયે તેલ માલીશ એ બહુ ઉપયોગી છે કારણ પગમાં આવેલા દરેક પોઈન્ટ દબાય અને દરેક નાની મોટી તકલીફથી બચી જવાય. સીઝન મુજબ ઠંડીમાં-રાઈનું તેલ કે તલનું તેલ કે ગરમીમાં નાળિયેર તેલથી પગના તળિયે સારી રીતે માલિશ કરો. ટી.વી. જોતા કે બેઠાંબેઠાં વાતો કરતાં પણ આ ક્રિયા કરી કરી શકાય અને તેનો બહોળો ફાયદો મેળવી શકાય.આ સર્વ દુઃખાવા મટાડવાના સાધારણ ઈલાજ પછી એ પણ કહેવું જરૂરી છે કે અન્ય સૌ દર્દીઓ માટે કરૂણાભાવ રાખીએ. આપણી તકલીફો માટે +ve (પોઝીટીવ) વિચારધારા રાખીએ તો આપણા દર્દ પણ હળવા લાગશે અને દર્દમાંથી જલ્દી મુક્તિ મળશે. આમ પેઈનકીલરને ટાળીએ અને એની આડઅસરોથી બચીએ.


**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
માટુંગા
**હેવી ડીસ્કાઉન્ટ સેલ-સેલ-સેલ**

| | |
|---|---|
| • હાથભરતની ભારે ફેન્સી સાડીઓ અને પારસી ગારા - દુપટ્ટા | ૩૦-૪૦% |
| • મશીન ભરતની ભારે પારસી ગારા | ૨૦% |
| • દુપટ્ટા-સ્ટોલ-કુરતા મટીરીયલ | ૨૦% |
| • પારસી ભરતના ચણીયા-ચોલી | ૨૦% |
| • પ્લેઈન સાડી મટીરીયલ | ૨૦% |
| • ઓલ્ટરેશન મજુરી ઉપર | ૨૦% |
| • દરેક પ્રકારનું ભરતકામ ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૨૦% |
| • ફેન્સી બ્લા. ઓર્ડરથી મજુરી ઉપર | ૨૦% |
| • કસબ-બટ કસબની સાડીઓ, ચ.ચોલી. | |
| • ફક્ત ઓર્ડરથી બનાવીને મજુરી ઉપર | ૩૦% |
| • સેમ્પલ સાડીમાં ૫૦% ડીસ્કાઉન્ટ | |

**સેલ પીરીયડ : સોમવાર ૨૬.૯.૨૨ થી મંગળ ૨૫.૧૦.૨૨**
**(દિવાળી સુધી દરરોજ)**

**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં,**
**ફુલ ગલીની સામે, માટુંગા સે.રે.**
**ટે.: ૨૪૦૨૫૦૭૦/૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ભાગ - ૧૮

## 'મહાકાલી માં'ના પરમ ઉપાસકની ભાવ-ભક્તિ-ભાવનામાં રંગાઈએ...



શ્રી હંસકુમાર દામજી મૈશરી

અચલગચ્છની અધિષ્ઠાયીકા મહાકાળી માં નાં મંદિર ભલે ઓછા હોય, પણ પાવાગઢવાળી માં ઘણા ભક્તજનોનાં હૃદયમાં બિરાજમાન છે. સંસ્કૃતના એક શ્લોકામાં ઉત્તમ રીતે કહ્યું છે કે ''યંત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા:''. ભારતીય સંસ્કૃતિમાં દેવીઓને ઉચ્ચ સન્માન અને સ્થાન આપવામાં આવ્યાં છે.

આવા પરમઉપકારી મહાકાળીમાં ની છેલ્લા ૫૫ વર્ષથી પુજા, આરાધના, ભાવના કરાવનાર શ્રી હંસકુમાર દામજી મૈશેરી (લાલા-મુલુંડ)નો પરિચય કરાવતા ''ચલતે-ચલતે''નું પાન પણ ભાવવિભોર બન્યું છે.

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળે યતિશ્રી મદનચંદ્રજી મ.સા.નાં આશિર્વાદથી ઈ.સ. ૧૯૬૭માં નક્કી કર્યું કે ''શ્રી વાસુપુજ્ય દેરાસર, ઝવેર રોડ, મુલુંડમાં શુકલ પક્ષમાં (સુદમાં) શ્રી મહાકાળી માતાજીની ભાવના દર મહિને આરાધવી.

શ્રી હંસકુમારની ઉંમર તે વખતે લગભગ ૯ વર્ષની કુતુહલ અને જિજ્ઞાસાવૃત્તિના કારણે કે ''મા''ના આશિર્વાદથી ''મા''ની ભક્તિ કરવા, સ્તવન ગાવા શ્રી પદમશી ટોકરશી ખોના (P.T.) (જખૌ-મુલુંડ) (૧૯૨૬ થી ૨૦૦૭)ની સંગાથે પહોંચી જતા. ત્યાં હાજર રહેલ ભક્તજનોને આવડે તેવી શક્તિથી ભક્તિ કરવાની છુટ રહેતી અને હંસકુમાર પણ માતાજીના ભક્તિ ગીતો ગાતા.

થોડાક વર્ષો બાદ પૂ. યતિવર્ય શ્રી મોતિસાગરજી મ.સા.ની પ્રબળ ઈચ્છા હતી કે ગચ્છ અધિષ્ઠાયીકાની ભક્તિ વધારે પ્રભાવિત અને સુંદર રીતે થાય તે માટે મહાકાલી માતાજીની સમુહ પહેડીનું આયોજન કરીએ અને માતાજીનાં ભક્તિ ગીતોની ઓડિયો કેસેટ બહાર પાડીએ.

આ વિચાર હંસકુમારનાં મનમાં ઘુમરાવા લાગ્યો અને તેમણે તેમના મિત્ર અષાઢી ગાયક શ્રી કિશોર મનરાજા જે પ્રખ્યાત ગુજરાતી લોકગીત, ગરબા, ભજન નાં ગાયક તરીકે પોતાના 'કિર્તીસ્તંભ' સ્થાપી ચુકયા હતા નો સંપર્ક સાધ્યો. શુભ ઈચ્છા અને ''મા''નાં આશિર્વાદથી કિશોરે હા પાડી અને ઈ.સ. ૧૯૯૫માં મહાકાળી માં ની પ્રથમ પહેડીના વિશાળ સમુદાયમાં ''ભક્તિ ગંગા'' નામની ઓડિયો કેસેટ તથા સી.ડી.નું લોકાર્પણ થયું, અને ''મા''નાં ગીતો ગામે ગામ ગુંજવા લાગ્યા.

પ્રથમ ''ભક્તિ ગંગા''ની ઓડિયો કેસેટ ને મળેલ અપ્રતિમ સફળતાએ ''નવધા ભક્તિ'', ''ભક્તિ સરિતા'' દ્વારા ''મા''નાં ગીતો વહેવા લાગ્યાં.

શ્રી હંસકુમાર વ્યવસાયિક રીતે દેશવિદેશમાં ગુજરાતી સમાજમાં પ્રખ્યાત ''પ્રતાપ કેટર્સ'' શ્રી મણિકાન્ત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ) સાથે જોડાયેલા છે અને ભાવનાસભર ગીતો જ નથી ગાતા પણ સ્વાદિષ્ટ વ્યંજનો રસસભર જમાડે છે. આ વ્યવસાયનાં કારણે દેશવિદેશમાં વસતા ગુજરાતી સમાજોમાં સિંગાપુર, દુબઈ, યુ.કે. અને યુ.એસ.એ. માં પણ એક અનોખા પાકશાસ્ત્રી તરીકે સેવા બજાવી આવ્યા છે.

શ્રી હંસકુમારની ભાવના સફરની એક ઝલક : શ્રી મહાકાળી ''મા''ની ઓડિયો કેસેટની પ્રસિદ્ધિ પછી કિશોર



ભાવનામાં મગ્ન હંસકુમાર



શ્રી કિશોર મનરાજા સાથે મહાકાળીની ભાવનામાં



યતિવર્ય શ્રી મોતિસાગરજી

મનરાજાની સંગાથે શ્રી ભલારા દાદાના ગીતોની રચના તથા ‘‘ભલારા જ્યોત’’, ‘‘ભલારા વંદના’’, ‘‘ભલારાદાદાનો સનેડો’’ તથા શ્રી ધણીબાવા રામદેવ પીરનાં ગીતોની રચના અને ઓડિયો-વિડીયો સી.ડી.નું આયોજન કરી ‘‘અલખનાં ધણી’’, ‘‘રામદેવ ધુન’’ ઈત્યાદિનું નિર્માણ કર્યું.

ભક્તિ-સંગીતની દુનિયાની જાણીતી કંપની પ્રીઝમે સ્તવન સાગર ભાગ-૧ થી ૧૫, ભાવના સાગર ભાગ-૧ થી ૩, નવકાર ધુન, તીર્થ જિનેશ્વર ધુન, શ્રીજી માલા ૧ થી ૧૫, બહાર પાડી જેમાં શ્રી હંસકુમાર ને શ્રી કિશોર મનરાજાનો સાથ મળ્યો.

શ્રી હંસકુમાર સાથે ટેલીફોનીક વાતચીત કરતાં ગદ્‌ગદ કંઠે અશ્રુભીની અંજલી આપતાં શ્રી કિશોર મનરાજા ૬૮ વર્ષની વયે ૫મી સપ્ટેમ્બર ૨૦૨૦નાં કાળમુખા કોરોનાનાં ભોગ બન્યા તેનું સ્મરણ કર્યું.

શ્રી હંસકુમાર છેલ્લા ઘણા વર્ષોથી કોકિલ કંઠી ‘‘પ્રીતિ શાહ’’ અને મોરલાના ટહુકાર જેવા ‘‘શ્રી અરવિંદ વેદાંત’’ સાથે મુલુંડ, ડોમ્બીવલી, ઘાટકોપર, માટુંગા, અંકલેશ્વર, અમદાવાદ, હૈદ્રાબાદ, વડોદરા (પાવાગઢ)માં અનેક કાર્યક્રમો પોતાના માટે એક પણ રૂપિયો લીધા વગર કર્યા છે.

શ્રી હંસકુમારના પ્રાચિન-અર્વાચિન અને સ્વરચિત મહાકાળી માં નાં સંગીતનાં સૂરે મઢેલા માણવા હોય તો શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળનાં નેજા હેઠળ દર મહિને ૫૫ વર્ષથી સતત શ્રી વાસુપુજ્ય દેરાસરમાં યોજાતી ભાવનામાં સમયસર પહોંચવું જરૂરી છે. રખે ચુકી જાવ તો યુ-ટ્યુબ પર ઉપલબ્ધ છે. શ્રી હંસકુમાર સંગીતમય ભાવના સફરનું શ્રેય ગુરુ માનેલા ‘‘શ્રી કિશોર મનરાજા’’, ‘‘વીકી સર વિકાસ આંબોરે’’ને અર્પણ કરે છે.

મિત્રો પાવાગઢનું નામ સંભારીને જ મહાકાળી માતાનું સ્મરણ થઈ જાય છે, તો ચાલો અખંડ બ્રહ્માંડની દેવી મહાકાળી માં નો ઈતિહાસ વિષે જાણીએ.

પાવાગઢ એ આખા વિશ્વમાં ઐતિહાસિક તીર્થ સ્થાન તરીકે પ્રખ્યાત છે. પંચમહાલ જીલ્લાના હાલ્લોલથી ૧૩ કિ.મી. દૂર આવેલું માં મહાકાળી માં નું તીર્થધામ પાવાગઢ એકાવન શક્તિ પીઠ માંનું એક એવું મહાકાળી માતાનું મંદિર.

પૌરાણિક દંતકથા અનુસાર પ્રજાપતિ દક્ષ તેમના ઘરે એક યજ્ઞનું આયોજન કરેલું હતું અને તેમાં બધા દેવી-દેવતાઓને આમંત્રણ આપ્યું ન હતું, છતાં પણ પોતાના પતિની અવગણના કરી સતી પાર્વતી ત્યાં ગયા હતા.

ત્યાં તેઓ વારંવાર પોતાના પતી શંકરનું અપમાન થતું જોઈને સહન ન કરી શક્યા અને અગ્નિકુંડમાં કુદી પડ્યા. આ વાતની જાણ ભગવાન શંકરને થઈ અને ત્યાં જઈને સતીના બળેલા દેહને લઈને આખા બ્રહ્માંડમાં પરીભ્રમણ કરવા લાગ્યા.

ભગવાન શંકરના આ સ્વરૂપને જોઈને બધા દેવતા ડરવા લાગ્યા, ત્યારે ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્ર વડે સતીના ટુકડા કરી નાખ્યા. દેવી સતીના ટુકડા જ્યાં જ્યાં પડ્યા ત્યાં મોટી શક્તિપીઠોની રચના થઈ. આખા ભારતમાં આવી એકાવન શક્તિપીઠ આવેલી છે. તેમાંથી ત્રણ શક્તિપીઠો ગુજરાતમાં છે. જેમાં ૧. અંબાજી, ૨. બહુચરાજી અને ૩. પાવાગઢ.

પાવાગઢમાં મહાકાળી માં બિરાજમાન છે. જ્યાં સતીના જમણા પગની ટચલી આંગળી પડી હતી. પાવાગઢ સાથે બીજી પણ એક દંતકથા જોડાયેલી છે.

પાવાગઢની નજીક ૩ કિ.મી. દૂર ચાંપાનેર આવેલું છે. એકવાર મહાકાળી માં મનુષ્યનું રૂપ લઈ આસો મહિનામાં ત્યાં ગરબા રમવા આવ્યા હતા. તે સમયે રાજાની રાણીઓ સાથે માતા ગરબા રમતા હતા. ત્યારે પતઈ રાજા માતાના સૌંદર્ય પર મોહિત થઈ ગયા હતા.

ત્યારે તેમણે મહાકાળી માતાનો પાલવ પકડ્યો અને માતા કોપાયમાંન થયા અને તેને શ્રાપ આપી દીધો કે તારા રાજ્યનો નાશ થશે અને થોડા દિવસ પછી મહમદ બેગડાએ ચાંપાનેર પર ચડાઈ કરી અને દેવીના શ્રાપને લીધે રાજ્યનો નાશ થયો.

આમ, કુદરતી સાનિધ્ય રહેલા પાવાગઢમાં માં મહાકાળીનું મંદિર એક અદ્ભુત અને અલૌકિક મંદિર છે. અને ત્યાં કેટલાય દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ આવે છે અને માં મહાકાળી તેમની મનોકામના પૂર્ણ કરે છે.

હાલમાં કેટલાક વખતથી પાવાગઢના મંદિર જવા તળેટીથી વ્યવસ્થિત પગથીયાઓ તો છે સાથે સાથે ઉડન ખટોલાની પણ વ્યવસ્થા છે.

‘‘ચલતે ચલતે’’ તેમની આ સંગીતમય સફર સફળતાનાં હજી વધુ શિખરો સર કરતી રહે અને સ્વરચિત ભાવના ગીતોમાં આપણને રસતરબોળ કરતાં રહે એજ શુભેચ્છા...

આ લેખ લખવામાં શ્રી હંસકુમાર સાથે ટેલિફોનીક વાતચીતથી માહિતી મેળવી છે ભુલ રહી જવાની શક્યતા રહેલી છે, તે માટે હું ક્ષમાપ્રાર્થી છું. તો બોલો પાવાગઢવાળી માં મહાકાળીનો જય હો... (વધુ આવતાં અંકે...)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની નામાવલી

## સર્વે તપસ્વીઓની ખુબ ખુબ અનુમોદના

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ ઉપવાસ | જયવંતીબેન છેડા | | ૧૧ ઉપવાસ | હર્ષાબેન ધરમશી | |
| ૩૦ ઉપવાસ | ખુશાલભાઈ પોલડીયા | | ૧૧ ઉપવાસ | તન્વીબેન લાલકા | |
| ૩૦ ઉપવાસ | પ્રતીકભાઈ ખોના | | ૯ ઉપવાસ | કાજલ મોનીકા તિલેશ ધ્રોળ | તેરા |
| ૨૪ ઉપવાસ | મયુરભાઈ લોડાયા | | ૯ ઉપવાસ | મિહીર અશોક મોમાયા | વરાડીયા |
| ૧૬ ઉપવાસ | વંદનાબેન મોમાયા | | ૯ ઉપવાસ | દર્શાના દર્પણ છેડા | સુથરી |
| ૧૬ ઉપવાસ | રાગીનીબેન દામા | | ૮ ઉપવાસ-પૌષધ | ગુણવંતીબેન નાગડા | |
| ૧૬ ઉપવાસ | જીયા સચીન મોમાયા | રાણપર | વરસીતપ | ધનલક્ષ્મીબેન લોડાયા | |
| ૧૬ ઉપવાસ | હિમાંશુ ધીરેશ મુનવર | જખૌ | વરસીતપ | કાશ્મીરાબેન લોડાયા | |
| ૧૬ ઉપવાસ | કુ. ભુમીલ ચિરાગ ઠાકરશી | રંગપુર | સિદ્ધી તપ | અલ્પાબેન લોડાયા | |
| ૧૧ ઉપવાસ | ભુમીલ ધરમશી | | શ્રીરસમુદ્ર તપ | સિદ્ધાંત ચેતન લોડાયા | |

## અઠ્ઠાઈ તપના તપસ્વીઓની નામાવલી

| | | | |
|---|---|---|---|
| ચાર્વિક નીતિન મોમાયા | વરાડીયા | રાજુલ જીતેશ ધરમશી | (પુસદ-ઘાટકોપર) |
| તન્વી પીયુષ મોતા | કુવાપધર | પ્રિતેશ લહેરચંદ લોડાયા | (રાપરગઢવારી-હૈદ્રાબાદ) |
| સાગર પ્રદીપ દંડ | લાલા | જીલ અમિત છેજા | (તેરા-નેત્રા) |
| તીર્થ અનિલ દંડ | મંજલ રેલડીયા | દિશા જીતેશ ધરમશી | (સુથરી-પુસદ) |
| પ્રિન્સ વિનોદ ભોઈતે | | રાજુલ જીતેશ ધરમશી | (સુથરી-પુસદ) |
| એકતા હિતેન્દ્ર ગાંધી | | દિવ્યા કમલેશ પોલડીયા | (બાયઠ-પાચોરા) |
| પંકજ ખીમજી ગોસર | બાયઠ | દિવ્યા ભરત ધુલ્લા | (ભરૂડિયા-જામનગર) |
| ખુશી તિલેશ દંડ | સાંધવ | અર્પિતા મનિષ મોમાયા | (જખૌ-આદિપુર) |
| જય મહેશ ધરમશી | જસાપર | સ્તુતિ પ્રકાશ નાગડા | (કોઠારા-ગઢશીશા) |
| કિંજલ ભાવિન લોડાયા | બાંઢીયા | તન્વી તેજસ લાલકા | (વારાપધર-ચોપડા) |
| મુકુંદ મણીલાલ મોમાયા | સુથરી | સોહમ નિરજ લોડાયા | (સુથરી-ઘાટકોપર) |
| ગીતાબેન મુકુંદ મોમાયા | સુથરી | મિહીર અશોક મોમાયા | (વરાડિયા-ભાંડુપ) |
| ગૌરવ લીતીન મોમાયા | સુથરી | ક્રિશ જીગર લોડાયા | (સાંધવ-મુલુંડ) |
| સૌ. સુનિતાબેન મનીષ લોડાયા | મોટી સિંધોડી | ચાયાબેન પ્રદીપ પટેલ | (સાંધવ-ડોંબિવલી) |
| કિરણકુમાર નારાણજી મોમાયા | સુથરી | મિત્તલબેન મધુકાંત લોડાયા | (સાંધવ-ભાંડુપ) |
| પાર્થ ભાવેશ સોની | સુથરી | કાજલબેન નિખીલ પટેલ | (સાંધવ-મુલુંડ) |
| ભાવેશ મેઘજી સોની | સુથરી | મોક્ષિલ હિતેશ પટેલ | (સાંધવ-મુલુંડ) |
| પલક જયેશ લોડાયા | તેરા | હિનાબેન દિનેશ મૈશેરી | (મોટી સિંધોડી-ડોંબિવલી) |
| કોમલ કેતુલ લોડાયા | સાંધવ | ખમાવંતીબેન મૈશેરી | (મોટી સિંધોડી-ડોંબિવલી) |
| કેતુલ હીરાલાલ લોડાયા | સાંધવ | અંકીત ભરત મૈશેરી | (માંડવી-મુલુંડ) |
| દિશા જીતેશ ધરમશી | (પુસદ-ઘાટકોપર) | તન્વી ઉમેશ મોતા | (નલિયા-ઘાટકોપર) |

| | | | |
|---|---|---|---|
| દિવ્યા કમલેશ પોલડીયા | (બાયઠ-પાચોરા) | હેમંત સુરેશ મોતા | (કુવાપધર-ખામગામ) |
| વોમેશ વસંત પોલડીયા | (લુણી-અંબરનાથ) | અનુપમા હિરાચંદ ખોના | (નલિયા-ડોંબિવલી) |
| દિપક કુંવરજી મોતા | (રાપર-ડોંબિવલી) | ગુણવંતી ભોજરાજ નાગડા | (રાપરગઢવારી-મુલુંડ) |
| દર્શના ચેતન લોડાયા | (સાંધાણ-મુલુંડ) | યશ્વી શૈલેષ મોતા | (નલિયા-પુના) |
| નિરાલી કલ્પેશ શિયાળ | (જખૌ-મુલુંડ) | પારૂલબેન લીતીન મોમાયા | (સુથરી-મુલુંડ) |
| યશ્વી શૈલેષ મોતા | (નલિયા-પુના) | ધ્વનિબેન પ્રિયેશ પીર | (સુથરી-ડોંબિવલી) |
| ધ્રુવ હિતેશ પોલડીયા | (ડુમરા-ડોંબિવલી) | ભારતી દિલીપ ધુલ્લા | (સુથરી-ડોંબિવલી) |
| ધૈર્ય હિતેશ પોલડીયા | (ડુમરા-ડોંબિવલી) | વાસંતી મણીલાલ મોમાયા | (વરાડીયા-વાપી) |
| ખુશી જીતેન  મોમાયા | (સાંયરા-અમદાવાદ) | ખીમજી પદમશી સાયલા | (સુથરી-ભુજોડી) |
| જીતેન કાંતિલાલ મોમાયા | (સાંયરા-અમદાવાદ) | રંજનબેન નારાણજી સોની | (સુથરી-ભાંડુપ) |
| જયાબેન તુષાર છેડા | (સુથરી-મુલુંડ) | નયનાબેન ગુલાબ છેડા | (સુથરી-ડોંબિવલી) |
| ભારતી દિલીપ ધુલ્લા | (સુથરી-ડોંબિવલી) | મનીષા હરીશ મોમાયા | (સાંયરા-ડોંબિવલી) |
| યશ હિતેશ નાગડા | (રાપરગઢવારી-મુલુંડ) | ચિરાગ જયેશ લોડાયા | (સુથરી-ઘાટકોપર) |
| અમિત અનિલ શિયાલ | (ઘાટકોપર) | ધારિણી લહેરચંદ સોની | (જખૌ-ડોંબિવલી) |
| અજીત અનિલ શિયાલ | (ઘાટકોપર) | કિરીટ કુંવરજી લોડાયા | (સાંયરા-ડોંબિવલી) |
| વિરલ નિરંજન નાગડા | (જખૌ-શહાપુર) | સુમિત ભરત દંડ | (વરાડીયા-બુરહારનપુર) |
| તુષાર નરશી છેડા | (સુથરી-મુલુંડ) | મનીષા મનીષ મોમાયા | (સાંયરા-ખંડવા) |
| જૈનિક હિરેન દંડ | (સાંધવ-મુલુંડ) | ડૉ. સાક્ષી મનીષ મોમાયા | (સાંયરા-ખંડવા) |
| અનંત કુમારપાલ ડાઘા | (વરાડીયા-કોઈમ્બતુર) | આદેશ રાજેન ખોના | (સુથરી-મુલુંડ) |
| વિશિત લિતીન લોડાયા | (નાની ખાવડી-કોઈમ્બતુર) | લિખેશ દામજી મોમાયા | (વરાડીયા-અમદાવાદ) |
| વિદ્યા કાર્તિક મોમાયા | (વરાડીયા-કોઈમ્બતુર) | મયુરી દિલીપ મોતા | (ધુફી-વાપી) |
| ભવ્ય કિરણ દંડ | (બાંયઠ-નવી મુંબઈ) | તૃપ્તિ તેજસ શાહ | (વારાપધર-ચોપડા) |
| હાર્દિક ચંદ્રેશ ડાઘા | (વરાડીયા-નવી મુંબઈ) | ફેનિલ વિરેન નાગડા | (સાંધાણ-થાણા) |
| લિલમ રાજેન્દ્ર ડાઘા | (વરાડીયા-કુમઠા) | ભારતી ગૌતમ દંડ | (વરાડીયા-મુલુંડ) |
| સોહમ નિરજ લોડાયા | (સુથરી-ઘાટકોપર) | અમીબેન અશ્વિન ધરમશી | (નલિયા-યવતમાલ) |
| દિપક કુંવરજી મોતા | (રાપરગઢવારી-ડોંબિવલી) | દિપક કુંવરજી મોતા | (રાપરગઢવારી) |
| ભાવિની જીગ્નેશ ડાઘા | (વરાડીયા-ડોંબિવલી) | અમીબેન અશ્વિનભાઈ ધરમશી | (નલિયા-યવતમાલ) |
| ચૈતન્યા ધર્મેશ નાગડા | (તેરા-ચુનાભટ્ટી) | લબ્ધિ વિપેશ લાલકા | (વારાપધ્ધર-થાણા) |
| ગીતા ગૌતમ મૈશેરી | (કુવાપધર-અહમદનગર) | રેખાબેન રમેશચંદ્ર નાગડા | (રાપરગઢવારી) |

## છત્તીસગઢના તપસ્વીઓની નામાવલી

| | | | | | |
|---|---|---|---|---|---|
| સિદ્ધિ તપ | ચિ. દર્શન કમલેશ મોતા | ભાટાપારા | અઠ્ઠાઈ તપ | શ્રી દિપેશ જેઠાભાઈ લાલકા | |
| ૧૬ ઉપવાસ | ચિ. હર્ષિતા ચંદ્રેશભાઈ છેડા | | અઠ્ઠાઈ તપ | સૌ. પ્રીતિ યશવંતભાઈ છેડા | ભાટાપારા |
| ૯ ઉપવાસ | શ્રી કીર્તિ શીવજીભાઈ પોલડીયા | | અઠ્ઠાઈ તપ | સૌ. તેજલ લોકેશભાઈ શાહ | ધમતરી |
| ૯ ઉપવાસ | શ્રી નયન સતીશભાઈ છેડા | | અઠ્ઠાઈ તપ | ચિ. કિરણ કીર્તિભાઈ પોલડીયા | |
| અઠ્ઠાઈ તપ | સૌ. સમૃદ્ધિ સંજયભાઈ જીવાણી (મુનવર) | | અઠ્ઠાઈ તપ | ચિ. ભૂમિન તુષારભાઈ લોડાયા | |

## સાંધવ નગરના તપસ્વીઓની નામાવલી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ ઉપવાસ | રમીલાબેન મોનજી સોની | ભાંડુપ | ૮ ઉપવાસ | હિનાબેન દિનેશ મૈશેરી | મો.સિંધોડી |
| ૧૬ ઉપવાસ | કાંતિલાલ પદમશી મોતા | નલિયા | ૮ ઉપવાસ | ખમાવંતીબેન ગુલાબચંદ મૈશેરી | મો.સિંધોડી |
| ૧૦ ઉપવાસ | હિનાબેન છેડા | સુજાપર | ૮ ઉપવાસ | હીરાચંદ કુંવરજી કુરુવા | ગોધરા |
| ૯ ઉપવાસ | હંસાબેન રૂપશી લોડાયા | ગોરખડી | ૮ ઉપવાસ | હીરાચંદ કેશવજી પીર | બાયઠ |
| ૯ ઉપવાસ | નવીનભાઈ ઠાકરશી મૈશેરી | ના.સિંધોડી | ૮ ઉપવાસ | ગિરીશ લક્ષ્મીચંદ દંડ | લુણી |
| ૯ ઉપવાસ | ઉષાબેન રાયચંદ ધુલ્લા | રંગપુર | ૮ ઉપવાસ | તમન્ના વિજય શિયાડ | દલતુંગી |
| ૮ ઉપવાસ | છાયાબેન પ્રદીપ પટેલ | સાંધવ | ૮ ઉપવાસ | લતાબેન હિતેન્દ્ર માલદે | દલતુંગી |
| ૮ ઉપવાસ | મિત્તલબેન મધુકાંત લોડાયા | સાંધવ | ૮ ઉપવાસ | મીનાબેન દિનેશ લાપસિયા | દલતુંગી |
| ૮ ઉપવાસ | કાજલબેન નિખીલ પટેલ | સાંધવ | ૮ ઉપવાસ | તારાબેન નવીનચંદ્ર મોતા | કોઠારા |
| ૮ ઉપવાસ | મોક્ષિલ હિતેશ પટેલ | સાંધવ | ૮ ઉપવાસ | કિન્નરી મનોજ ગાલા | ભુજપુર |

## વડોદરાના તપસ્વીઓની નામાવલી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ ઉપવાસ | ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | વડોદરા | અઠ્ઠાઈ તપ | રાહુલ હીરાચંદ લોડાયા | ,, |
| ૩૧ ઉપવાસ | હિમાની કિશોર લોડાયા | ,, | અઠ્ઠાઈ તપ | લીનાબેન હીરાચંદ લોડાયા | ,, |
| ૩૦ ઉપવાસ | લતાબેન રાજેશ નાગડા | ,, | અઠ્ઠાઈ તપ | અંજલિ આશીષ વિકમશી | ,, |
| ૧૬ ઉપવાસ | આરતી ઉપેન્દ્ર નાગડા | ,, | અઠ્ઠાઈ તપ | જયુબેન રાહુલ લોડાયા | ,, |
| ૧૬ ઉપવાસ | નયન મુલચંદ લોડાયા | ,, | અઠ્ઠાઈ તપ | ફેનીબેન રોહન લોડાયા | ,, |
| ૧૬ ઉપવાસ | ધ્રુવી અવિનાશ દંડ | ,, | અઠ્ઠાઈ તપ | સિદ્ધી જીગર નાગડા | ,, |
| ૧૬ ઉપવાસ | જૈન કમલેશ દંડ | ,, | અઠ્ઠાઈ તપ | ચાર્મી ઉપેન્દ્ર નાગડા | ,, |
| અઠ્ઠાઈ તપ | લક્ષ્મીચંદ પાસ્વીર દંડ | ,, | અઠ્ઠાઈ તપ | વિદ્યાબેન શૈલેષ નાગડા | ,, |
| અઠ્ઠાઈ તપ | પ્રતિક રાજેશભાઈ મોતા | ,, | અઠ્ઠાઈ તપ | કાવ્યા રાહુલ દંડ | ,, |
| અઠ્ઠાઈ તપ | દિપેન વર્ધમાન લોડાયા | ,, | અઠ્ઠાઈ તપ | નીતાબેન અનિષ મોમાયા | ,, |
| અઠ્ઠાઈ તપ | ભરત રામજી નાગડા | ,, | અઠ્ઠાઈ તપ | મુક્તિ સચીન દંડ | ,, |
| અઠ્ઠાઈ તપ | મેહુલ જય ધરમશી | ,, | અઠ્ઠાઈ તપ | ભવ્યા કેશર ધરમશી | ,, |
| અઠ્ઠાઈ તપ | ઉપેન્દ્ર રામજી નાગડા | ,, | | | |

## આદિપુરના તપસ્વીઓની નામાવલી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ ઉપવાસ | ભરત પદમશી વિકમશી | રાણપર | અઠ્ઠાઈ તપ | કુમારી નીલમ દામજી નાગડા | નલીયા |
| ૧૬ ઉપવાસ | ચેતનાબેન જવેરચંદ ખોના | સાંધવ | અઠ્ઠાઈ તપ | નીશાબેન રોનક ધરમશી | સાંધાણ |
| ૧૬ ઉપવાસ | માનસીબેન પ્રતીક ખોના | સાંધવ | અઠ્ઠાઈ તપ | અર્પિતા મનીશ મોમાયા | જખૌ |
| ૧૬ ઉપવાસ | કુમારી સલોની હેમંત સોની | વાંકુ | અઠ્ઠાઈ તપ | જયશ્રીબેન દેવેન્દ્ર છેડા | ગોધરા |
| ૧૬ ઉપવાસ | કુમારી હીમાંશી હેમંત મોતા | કુવાપધર | અઠ્ઠાઈ તપ | મેઘાબેન વિપુલ છેડા | તેરા |
| અઠ્ઠાઈ તપ | હેમંત સુરેશ મોતા | કુવાપધર | અઠ્ઠાઈ તપ | કુમારી યુક્તા વિરેશ મોમાયા | વરાડીયા |
| અઠ્ઠાઈ તપ | યશ પંકજ લોડાયા | વારાપધર | અઠ્ઠાઈ તપ | કુમારી અવની મનીશ ખોના | સાંધવ |
| અઠ્ઠાઈ તપ | ચિરાગ હરીશ લોડાયા | મંજલ | અઠ્ઠાઈ તપ | કુમારી હેલી વિપુલ વીરા | મેરાઉ |
| અઠ્ઠાઈ તપ | કપીલ જીતેન્દ્ર લાલકા | વારાપધર | અઠ્ઠાઈ તપ | દિપાબેન યશોધન દંડ | બાંયઠ |
| અઠ્ઠાઈ તપ | હાર્દિક જયંતીલાલ નાગડા | તેરા | અઠ્ઠાઈ તપ | ઝંખનાબેન ગૌરવ મોમાયા | સાંયરા |
| અઠ્ઠાઈ તપ | સૌરભ વસંત લોડાયા | નલીયા | અઠ્ઠાઈ તપ | મીનાબેન દિનેશ | સંકલેચા |

## વર્ધમાનનગરના તપસ્વીઓની નામાવલી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦ ઉપવાસ | દીપેશ પ્રબોધ મુનવર | કોઠારા | ૯ ઉપવાસ | મૈત્રી લલીત કલ્યાણજી ડાઘા | સુથરી |
| ૩૦ ઉપવાસ | હર્ષા દીપેશ મુનવર | કોઠારા | અઠ્ઠાઈ તપ | ધ્યાન દિવેશ મુલચંદ મુનવર | કોઠારા |
| ૩૦ ઉપવાસ | નયના દિવેશ મુલચંદ મુનવર | કોઠારા | અઠ્ઠાઈ તપ | સાગર પંકજ રાયચંદ ધરમશી | સુથરી |
| ૩૦ ઉપવાસ | હેતલ હેમંત મોમાયા | સાંયરા | અઠ્ઠાઈ તપ | ધ્રુવ હેમંત લહેરચંદ મોમાયા | સાંયરા |
| ૩૦ ઉપવાસ | રાજુલા લીરેશ કારાણી | સુથરી | અઠ્ઠાઈ તપ | મિહીર રાજેશ ચંપકલાલ જીવાણી | જખૌ |
| ૧૭ ઉપવાસ | તનિષ્ક તુષાર ગોસર | ગોએરસમા | અઠ્ઠાઈ તપ | નીરવ દિલીપ રતનશી મોતા | નલિયા |
| ૯ ઉપવાસ | પુજા લલીત કલ્યાણજી ડાઘા | સુથરી | અઠ્ઠાઈ તપ | રીટા નીરવ દિલીપ મોતા | નલિયા |

## સાંજી

પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવ્યું અને ગયું. શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે દરેક તપસ્યાના અંતે વિશેષ ઉજમણું થાય જેને આપણે સાંજી કહીએ છીએ. જૈન દર્શનમાં તપના અનેક પ્રકાર છે. સામાન્ય રીતે નવકારશી, ચૌવિહાર, બ્યાસણા, એકાસણા, આયંબિલ, નીવિ, ઉપવાસ અને ચૌવિહાર ઉપવાસ તપ છૂટક-છૂટક કે પ્રાસંગિક રીતે કરતાં હોઈએ છે.

વિશેષ તપમાં છઠ્ઠ (બે ઉપવાસ), અઠ્ઠમ તપ (ત્રણ ઉપવાસ), ચોલા (ચાર ઉપવાસ), પંચોલા (પાંચ ઉપવાસ), અઠ્ઠાઇ (આઠ ઉપવાસ), સોળ ભત્તુ (૧૬ ઉપવાસ), માસક્ષમણ (૩૦ ઉપવાસ), છ માસિક (૧૮૦ ઉપવાસ) અને વરસીતપથી સારી રીતે પરિચિત છીએ. જૈન દર્શનમાં આવા તપોથી ઉપર અનેક-અનેક ચડિયાતા તપો શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યા છે. જ્યારે આવા તપોમાં મંગલ પ્રવેશ થાય ત્યારે તે તપની અનુમોદનાર્થે સાંજી (ઉજમણું) પણ થાય.

તપથી જ કર્મ નિર્જરા થાય! શાસનપતિ, ચરમતીર્થાધીપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન, શ્રી ગૌતમસ્વામીને જણાવે છે કેઃ તપના કારણે જીવના ઉદયમાં આવેલા મહા ઉપસર્ગો સરળતાથી સહન થઇ શકે છે અને ક્ષેમકુશળ બહાર પડી શકાય છે. કર્મની સત્તા કોઈની પણ સગી - સ્નેહી નથી. તેની પાસે કોઇ જ ભેદભાવ નથી. તે દરેક કર્મોના લેખા-જોખા સચોટ કરે છે તેમાં તીર્થંકર પરમાત્મા પણ બાકાત નથી. દેવેન્દ્રો અને નરેન્દ્રો પણ બાકાત નથી. કર્મસત્તાને કોઇ જ સાબિતી કે પ્રમાણની જરૂરત જ નથી પડતી. તે સદાય ન્યાયપ્રધાન છે.

સાંજી (ઉજમણું) તપ કરનારની અનુમોદનાર્થે પરિવારજનો ગોઠવે છે. ભક્તિગીતો ગવાય છે, પ્રાસંગિક પ્રવચનોમાં સૂત્રધાર જૈન દર્શનમાં થયેલા તપસ્વી વીરલાઓના ગુણગાન ગાય છે. જિનેન્દ્ર ભક્તિમય અનુષ્ઠાન થાય છે. ઉપસ્થિત લોકોને તપનો મહિમા અને તપસ્વીને કેન્દ્રમાં રાખી તપ કરવા માટે પ્રેરણા પણ અપાય છે. પધારેલા સ્નેહીજનોને આદરસત્કાર સાથે ભોજન પીરસવામાં આવે છે અને સંભારણું (પ્રભાવના) પ્રદાન કરી પધારેલ સ્નેહીજનોને વિદાય અપાય છે. જે લોકોની આર્થિક સ્થિતિ તે પ્રમાણે કરવાની ન હોય તો શ્રી સંઘ આ જ વિધાન સામૂહિક પણ ગોઠવે છે અને તમામ તપસ્વીઓની અનુમોદના અને ઉપસ્થિત સહુને તપ કરવાની પ્રેરણા અપાય છે.

હવે આધુનિક વર્ગ વિશેષ અનોખું કરવા પ્રેરાયા છે જેથી તપસ્વી અને કરેલ તપ નિંદનીય બન્યું છે તેનું કારણઃ ભક્તિગીતોના સ્થાને હવે ડી.જે. પાર્ટી ગોઠવાય છે. ડાન્સિંગ સ્પર્ધા અને નાચ-ગાન થાય છે અને તેના ઇનામો રાખવામાં આવે છે. કપલ ડાન્સ, ફિલ્મીધૂનો ઉપર નૃત્યો અને રાસ-ગરબા ગોઠવાય છે. આધુનિક પેઢીઓને તો આનંદ-આનંદ થઇ જાય છે. મન આનંદમય બની શરીર નૃત્ય કરવા થનગને છે. હદ તો ત્યારે થાય છે કે રાત્રિ ભોજન! વધુ આશ્ચર્ય તો ત્યારે થાય કે અનંતકાય (ડુંગળી - બટાકા અને લસણ) જીવોની હિંસા.

ધિક્કાર છે આવા આયોજનને જેના થકી જૈન ધર્મ નિંદાય છે અને તપસ્વી પણ... આપણે જૈનેત્તરો અને પધારેલાં સ્નેહીજનોને શું પ્રેરણા આપીશું? આ છે તપની સાંજી ક્યારેક સમય મળે તો ચંપા શ્રાવિકાનું તપનું ઉજમણું કેવું થયું તે ગુરુભગવંતોના શ્રીમુખે જરૂરથી સાંભળશોજી. આટલું ચોક્કસ મગજમાં નોંધી લેશોજી આપણી અજ્ઞાનતાથી શાસનપતિની અવહેલના અને ધર્મનું પતન ન કરાવતાં. કેમ કે, અજ્ઞાનતા અને મનોરંજનના કારણે કરેલ તપ સહજતાથી પાપમાં પરિણમે છે. સાંજી તપસ્વીના તપ કરવાની પ્રેરણા અને અનુમોદનાર્થે હોય છે. સાંજી તપસ્વી આત્માને ઉર્ધ્વગતિએ લઇ જવાની પ્રેરણા બને તેવી શુભ ભાવના.

**સંકલન : લિ. જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા**

(વારાપધર-ડોંબિવલી)

શબ્દ
કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૯-૨૦૨૨

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ | |
| ૬ | | | ■ | | ■ | ■ | | ■ | | ■ |
| ■ | | ■ | ૭ | ■ | ૮ | | | ■ | ૯ | |
| ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | | ■ |
| ■ | ■ | | ■ | ■ | | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ |
| ૧૬ | | | ૧૭ | | | | | ૧૮ | ■ | |
| | ■ | ■ | | ■ | | ■ | ■ | ૧૯ | ૨૦ | |
| | ■ | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | | | ■ |
| ૨૩ | | ૨૪ | ■ | ■ | ૨૫ | ■ | ■ | | ■ | ૨૬ |
| | ■ | ૨૭ | | ૨૮ | | | | ■ | ■ | |
| | ■ | | ■ | ૨૯ | | ■ | ■ | ૩૦ | | |

**આડી ચાવીઓ :**

૨) આ ગતિના જીવો આજન્મ યુવાન જ રહે (૪)
૪) ઉનના રેસાવાળું એક ઉપકરણ (૪)
૬) કર્મો ખપાવવા આ ભવ જરૂરી (૩)
૭) કાળચક્રના ભાગ કેટલા? (૧)
૮) આ પાર્શ્વનાથને પુષ્પમાળા ચડાવવાથી વીંછીનો ભય ટળે (૩)
૯) એક સાથે બે ઉપવાસ એટલે (૨)
૧૦) કચ્છમાં આવેલ શાંતિનાથનું તીર્થ (૩)
૧૨) પાલીતાણાની પંચતીથીનું એક ગામ (૨)
૧૩) કચ્છમાં આવેલ જીરાવલ્લાનું તીર્થ (૨)
૧૬) જામનગરના જિનાલયોના નિર્માણ અને પ્રતિષ્ઠાના સહભાગી ગુરૂદેવ (૯)
૧૯) કચ્છીઓ પર્યુષણ કરવા ......માં જાય (૩)
૨૧) કચ્છમાં આવેલ કાચનું જીનાલય (૨)
૨૨) ગમે ત્યાં બીરાજો પ્રભુ મારા ...... (૨)
૨૩) બધાનું શુભ થાઓ (૩)
૨૭) આ ત્રેસઠ હોય (૬)
૨૯) .... એક તારો આધાર ભવમાં ભુલા પડ્યા રે (૨)
૩૦) આરતીમાં આવતું ગામનું નામ (૩)

**ઊભી ચાવીઓ :**

૧) પર્યુષણ એ .... નો પર્વ છે (૨)
૨) રંગે રમે આનંદે રમે આજ .... દેવીઓ રંગે રમે (૨)
૩) વીરા મોરા .... થકી ઉતરો (૨)
૪) સમેત શિખરજી ઉપર વીસ તીર્થંકરોના...પાદુકા છે (૩)
૫) ૧૦૮ તીર્થંકરમાંના એક (૪)
૮) એક તપનું નામ (૫)
૧૧) અલ્વરમાં આવેલ પાર્શ્વનાથ (૩)
૧૪) નેમિનાથની લગ્નની .... ગણા જીનાલયમાં બનાવવામાં આવે છે. (૨)
૧૫) ચક્રવર્તીનો વર્ણ કેવો હોય (૩)
૧૬) દિવાકર સૂરીજી એ રચેલ એક સ્તોત્ર (૬)
૧૭) જ્ઞાનનું એક ઉપકરણ (૩)
૧૮) જૈન ધર્મમાં ....નું ખૂબજ મહત્ત્વ છે. (૪)
૨૦) ... મન, ધન, પ્રભુના ચરણોમાં (૨)
૨૪) એક અનંતકાય (૩)
૨૫) મંગળદીવામાં વપરાય (૩)
૨૬) અમદાવાદમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૮) આ તીર્થમાં સાસુવહુના દેરા છે (૨)

---

